તળાવ તળિયાની ખુલ્લી થતી જમીન એકસાલી ધોરણે વાવેતર કરવા માટે આપવા સંબંધી સૂચનાઓ.

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંક:એલપીડબલ્યુ/૧૪/૨૦૧૪/૪૬૫૨૦૧/પી
સચિવાલય,ગાંધીનગર
તા.૦૪/૦૭/૨૦૧૪

વંચાણે લીધા : નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક:એલપીડબલ્યુ/૧૦૮૮/૭/પી, તા.૨૨/૦૧/૧૯૯૭.

**પરિપત્ર: –**

તમામ પ્રકારની સિંચાઇ યોજનાઓમાં તળીયાની જમીન ખુલ્લી થાય ત્યાં મૂળ માલિકને વાવેતર માટેના હકકો સંબંધી નિયમો સંદર્ભમાં દર્શાવેલ તા.૨૨/૦૧/૧૯૯૭ના ઠરાવથી પરિપત્રીત થયેલ છે. ચાલુ વર્ષે ચોમાસાનો વરસાદ ખેંચાઇ જતા રાજયમાં ઘાસચારાની અછતની પરિસ્થિતિ ઉદભવવાની શકયતાને ધ્યાને લઇને ચાલુ સાલે જળાશયના તળિયાની ખુલ્લી થતી જમીન માત્ર ઘાસચારો ઉગાડવા માટે જ એકસાલી ધોરણે વાવેતર માટે આપવાની રહેશે. આ સંબંધે ઉપલબ્ધ પાણીના જથ્થાને ધ્યાનમાં રાખીને સ્થાનિક કક્ષાએ મામલતદારશ્રીએ જે તે યોજનાના નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીના પરામર્શમાં નિયમોનુસાર ઘાસચારા માટેની મંજૂરી આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(સુબોધ જોષી)
સેકશન અધિકારી
નર્મદા,જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન ,ગાંધીનગર. *
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો.
- નાયબ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે સચિવશ્રીઓ/સર્વે મુખ્ય ઈજનેરશ્રી/તાંત્રીક અધીકારીશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર

- નર્મદા, જળસંપત્તિ,પા.પુ. અને કલ્પસર વિભાગની સર્વે પ્રોજેક્ટ શાખાઓ અને તાંત્રિક અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે કલેક્ટરશ્રી.

  *(સંબંધેત મામલતદારશ્રીઓને આ પરિપત્રનો અમલ કરવાની સૂચના આપવા સારૂં)*

- સર્વે જિલ્લા વિકાસ અધીકારીશ્રીઓ.
- નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ.

  *(તેમના નિયંત્રણ હેઠળના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી અને સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ને લિખિત સૂચના પાઠવીને આ પરિપત્રનો ચૂસ્ત પણે અમલ કરવા માટેની સ્પષ્ટ સૂચના આપવા સારૂં)*

- નિયામકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા,"વાલ્મી" , આણંદ
- મુખ્ય માહિતી અધીકારીશ્રી, નર્મદા,જળસંપત્તિ ,પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય ગાંધીનગર *(આ વિભાગની વેબસાઈટ ઉપર મૂકવા સારૂં )*
- સિલેક્ટ ફાઇલ

---

* પત્ર દ્વારા .